# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ: 8** | **ગણિત** | **જુલાઈ, 2020**

**સમય: 1 કલાક** | **કુલ ગુણ: 25**

* <u>અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>

| | | |
|---|---|---|
| અ.નિ. | એકબાજુ સુરેખ પદાવલી અને બીજી બાજુ સંખ્યા હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે. | |
| **પ્રશ્ન-1** | **નીચેના પ્રશ્નો માટે જવાબ આપો.** | |
| 1. | $x+3=5$ તો $x$ ની કિંમત કેટલી થાય?<br>(A) 2 (B) 8 (C) $-2$ (D) $-8$ | (1) |
| 2. | $-\frac{8}{5}+x=\frac{2}{5}$ તો $x$ શોધો. | (2) |
| 3. | $1.2=\frac{y}{10}$ તો y શોધો. | (2) |
| અ.નિ. | સમીકરણનું સરળ સ્વરૂપમાં રૂપાંતરણ કરી ઉકેલ મેળવે છે. | |
| **પ્રશ્ન- 2** | **નીચેના સમીકરણ માટે $x$ ની કિંમત શોધો.** | |
| 1. | $3x-5=3+x$ | (2) |
| 2. | $\frac{x}{3}+\frac{5}{9}=\frac{2x}{3}$ | (3) |
| અ.નિ. | પેટર્ન / ઉદાહરણ દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદું રૂપ આપે છે. | |
| **પ્રશ્ન- 3** | **નીચેના પ્રશ્નો માટે યોગ્ય જવાબ આપો.** | |
| 1. | a અને b પૂર્ણાંક સંખ્યા હોય તો , $a+b=b+a$ એ કયો ગુણધર્મ દર્શાવે છે ? | (1) |
| 2. | $\frac{8}{5}\times$ ____ $=1$ | (1) |
| 3. | સંમેય સંખ્યા માટે, બાદબાકીની ક્રિયામાં જૂથના ગુણધર્મનું પાલન થતું નથી તે ઉદાહરણ આપી સમજાવો. | (3) |
| અ.નિ. | આપેલ સંખ્યાઓની વચ્ચે આવેલ શક્ય એટલી સંમેય સંખ્યાઓ શોધે છે. | |
| **પ્રશ્ન- 4** | **નીચેના પ્રશ્નો માટે યોગ્ય જવાબ આપો.** | |
| 1. | $\frac{8}{5}$ અને $\frac{7}{3}$ વચ્ચેની ત્રણ સંમેય સંખ્યા લખો. | (3) |
| 2. | $-\frac{2}{3}$ અને $-\frac{1}{3}$ વચ્ચેની બે સંમેય સંખ્યા લખો. | (2) |
| અ.નિ. | એકચલ સુરેખ સમીકરણ સબંધી વ્યવહારૂ કોયડા ઉકેલે છે. | |
| **પ્રશ્ન-5** | **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.** | |
| 1. | રમેશ અને મહેશની હાલની ઉંમરનો ગુણોત્તર 5:7 છે. 4 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર 3 :4 હશે તો તેમની હાલની ઉંમર શોધો. | (3) |
| 2. | 9 ના ત્રણ ક્રમિક ગુણિતોનો સરવાળો 81 હોય તો આ ગુણિતો શોધો. | (2) |